જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૧/૨૦૨૦ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૦**

## વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :**

### ચોરીના કુલ-૬ વાહનો સાથે બે ઇસમોને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અ`વાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના ખાસ પો.કમિશ્રી અજયકુમાર તોમર સાહેબ, ના.પો.કમિશ્રી દીપન ભદ્રન સાહેબ, તથા મ.પો.કમિશ્રી બી.વી.ગોહિલ સાહેબની સુચના અનુસાર તેમજ એન્ટી ઓર્ગેનાઇઝડ સ્કોર્ડ-૨ પો.ઇન્સ શ્રી કે.જી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ શ્રી આઇ. એ.ઘાસુરા, તથા ટીમના માણસો અ`વાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા કાર્યરત હતા. દરમ્યાન મળેલ બાતમી આધારે અ`વાદ શહેર ખાતેથી આરોપીઓ, (૧) સુનિલકુમાર@ સનિલ S/O સંજયજી ઠાકોર ઉ.વ.૧૯ રહે, ગામ-ગુંદરાસણ, સુલતાનપુરા ઠાકોરવાસ વાસ, પોસ્ટ : જંત્રાલ તા : વિજાપુર જી : મહેસાણા (૨) વિપુલજી રમેશજી ઠાકોર ઉ.વ.૨૧ રહે, ગામ : લીલાપુરા(કહીપુર) તા : વડનગર જી : મહેસાણાનાઓ તા ૨૧/૦૧/૨૦૨૦ ના રોજ ચોરીના મો.સા.કિં રૂ ૩૦,૦૦૦/ સાથે મળી આવતા અટક કરવામા આવેલ છે જે આરોપીઓની પુછપરછમા આ મો.સા.સિવાય અમદાવાદ શહેર તેમજ ગાંધીનગર જીલ્લામાંથી ચોરી કરેલ મોટર સાયકલ નંગ-૪ તથા એકટિવા નંગ-૧ મળી કુલ્લે કિં રૂ ૨,૪૫,૦૦૦/ કિંમતના વાહનો કબજે કરવામા આવેલ છે જે બાબતે નીચે મુજબના ગુન્હાઓ ડીટેકટ થયેલ છે. તેમજ બીજા વાહનો બાબતે તપાસ ચાલુમા છે. આરોપીઓને વધુ તપાસ અર્થે શાહીબાગ પો સ્ટે સોપવામા આવેલ છે.

(૧) શાહીબાગ પોસ્ટે ફ.ગુ.ર.નં.૧૮૫/૧૯ IPC ૩૭૯ મુજબ (૨) ગાંધીનગર ઇન્ફોસીટી પોસ્ટે ફ.ગુ.ર.નં.૮૩/૧૯ IPC ૩૭૯ મુજબ (૩) ગાંધીનગર સેકટર-૭ પોસ્ટે ફ.ગુ.ર.નં.૨૧૮/૧૯ IPC ૩૭૯

પુર્વ ઇતિહાસ :- આ કામમા પકડાયેલ આરોપી, સુનિલકુમાર@ સનિલ સન/ઓફ સંજયજી ઠાકોરનાનો અગાઉ વિજાપુર તથા વિજયનગર પો સ્ટેશન એ.ટી.એમ.ચોરીના ગુન્હાઓમા પકડાયેલ છે.



# નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન :

## સરદારનગર પોલીસ સ્ટેશનના ખુનની કોશીશ તથા પ્રોહીબિશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે વ્હીકલ સ્કવૉડના પો.સ.ઇ. તથા વ્હીકલ સ્ક્વૉડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ નાઓની બાતમી હકીકત આધારે આરોપી- રામ સ./ઓ. તલાજી જાતે-ઠાકોર ઉ.વ.૨૬ રહે-શર્માજીની ચાલી, સુભાષનગર ટેકરા, નોબલનગર, સરદારનગર, શાહીબાગ, અમદાવાદ શહેરનો સરદારનગર પોલીસ સ્ટેશન (૧) ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૦૨૦૦૨૨૨/૨૦૨૦ ધી ઇપીકો કલમ-૩૨૩,૩૦૭, ૩૩૮, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪,તથા જીપીએકટ કલમ-૧૩૫(૧) તથા (૨) પ્રોહી ગુ.ર.નં.૭૬૭૮/૨૦૧૯ ધી પ્રોહી એકટ કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(૨),૮૧ મુજબના ગુનામાં નાસતો-ફરતો હોય જેથી સદરી આરોપીને તા.૨૧/૦૧/૨૦૨૦ ના કલાક:૧૬/૧૫ વાગે સી.આર.પી.સી.કલમ-૪૧(૧)(આઈ) મુજબ અટક કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** રામ સ./ઓ. તલાજી જાતે-ઠાકોર ઉ.વ.૨૬ રહે-શર્માજીની ચાલી, સુભાષનગર ટેકરા, નોબલનગર, સરદારનગર, શાહીબાગ, અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિ./કર્મચારી ;-** વ્હીકલ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એ.એ.વાઘેલા તથા અ.પો.કો. રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.અજીતભાઇ સોમાભાઇ બ.નં.૬૫૮૯ તથા અ.લોકરક્ષક અંકિતસિંહ મહેંદ્રસિંહ બ.નં.૧૨૪૧



# <u>પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૨૧.૧.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્ક્તસબંધી/શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના નારોલ તથા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થય ને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતોસાથે મળી રાજ્સ્થાન ખાતેથી ગેરકયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા  બીયરનો જથ્થો પોતાના સાગરિતોને અમદાવાદ શહેર વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના સાગરિતો સાથે મળી અમદાવાદ શહેર વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બિયરનુ વેચાણ તથા હેરાફરી કરી આર્થિક નાણાકીય લાભ મેળવી આવી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર સ્વાસ્થયની જાળવણીમા બાધકરુપ થનાર ઈસમ લઈક મહમંદ સઈદભાઈ શેખ રહેવાસી-એ/૪૩ કુત્બેઆલમ સોસાયટી સદાની ધાબીની પાછળ કેનાલરોડ નારોલ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | લઈક મહમંદ સઈદભાઈ શેખ રહેવાસી-એ/૪૩ કુત્બેઆલમ સોસાયટી સદાની ધાબીની પાછળ કેના લરોડ નારોલ અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટનો વિદેશી દારુ જનતાના સ્વાસ્થય ને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતોસાથે મળી ગેરકાયદેસરના વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના રહેણાક વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો વિદેશી દારુ વેચાણ તથા હેરાફરી કરી આર્થિક નાણાકીય લાભ મેળવી આવી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર સ્વાસ્થયની જાળવણીમા બાધકરુપ થનાર ઈસમો ૧. રાજુ રામજીભાઈ ઉર્ફે રામાભાઈ સોલંકી રહેવાસી- ચામંડા માતાની ચાલી દબાણ ગોડાઉનની પાસે, ખોડીયારનગર અમદાવાદ શહેર ૨. ક્લ્પેશ ઉર્ફે પિન્ટુ ક્નુભાઈ પરમાર રહેવાસી- દશામા ચોક પ્રવિણભાઈ કરીયાણાની દુકાનની સામે ખોડીયારનગર બહેરામપુરા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત તથા વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજુ રામજીભાઈ ઉર્ફે રામાભાઈ સોલંકી રહેવાસી- ચામંડા માતાની ચાલી દબાણ ગોડાઉનની પાસે, ખોડીયારનગર અમદાવાદ શહેર |
|  | કલ્પેશ ઉર્ફે પિન્ટુ કનુભાઈ પરમાર રહેવાસી- દશામા ચોક પ્રવિણભાઈ કરીયાણાની દુકાનની સામે ખોડીયારનગર બહેરામપુરા અમદાવાદ શહેર |

- આ ઉપરાંત શરીર સબંધી મિલ્કતસંબધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૩** ઇસમો મળી **<u>કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને રાજકોટ, વડોદરા, સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.